જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૨/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૭૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૨૦૮ લીટર દેશી દારૂ, ૦૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૮ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૬૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૭૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૭૬/૨૦૨૬**

વાસણાઃ અલકાબહેન મુળજીભાઈ પરિખ (ઉ.વ.૫૬) (રહે. ગોદાવરીનગર સોસાયટી વિભાગ–૦૧ વાસણા) એ તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી–૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઈસનપુર વિસ્તારમાં સમેશ્વર સોસાયટીમાં રહેતા કૌશીકાબેન પટેલ નાઓના ઘરે એક બહેન સંગીતાબેન નાઓ કચરા પોતુ કરવા આવતા હોય તેની દ્વારા આરોપી લલિતકુમાર ઉમારામ માલી (જેઓના સરનામાની ખબર નથી) નાઓ સાથે ઓળખાણ થતા જુનાગઢ ખાતે રહેતા પુરીબેન નાઓને હાથ ઉછીના આપેલ એક લાખ પચાસ હજાર રૂપીયા તેઓની પાસેથી કઢાવવાની વાત કરતા તેઓએ પોતે સરકારી કર્મચારી હોવાની ઓળખ આપી પૈસા કઢાવી આપવાની વાત કરેલ, ત્યારબાદ માહે માર્ચ/૨૦૨૫ મહિનામાં જુનાગઢ રૂબરૂ જવા માટે ભાડાની ગાડી કરીને જવાનુ હોવાથી અલકાબહેન પરિખ પાસેથી ખર્ચ પેટે રૂપિયા ૩૦,૦૦૦/– મેળવી લીધા હતા. ત્યારબાદ એક મહિના પછી ફોન કરી જણાવેલ કે જુનાગઢ ખાતે મારા–મારી થઇ ગઈ હતી જેમાં હાથ ફ્રેકચર થઇ જતા ગુનો દાખલ થયેલ છે, સરકારી નોકરીમાંથી સસ્પેન્ડ કરી નાંખ્યા હોવાથી સરકારી નોકરીમાં હાજર થવા માટે આર્થિક મદદ માંગી અલકાબહેન પરિખ પાસેથી રૂપિયા ૧૮,૬૫,૦૦૦/– મેળવી લઇ, સરકારી કર્મચારીની ખોટી ઓળખ આપી છેતરપીડીં અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.રતન ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૨૭૭/૨૦૨૬**

દાણીલીમડાઃ રૂકયાબીબી વિડો/ઓ નિઝામભાઇ ખોખર (ઉ.વ.૬૩) (રહે, નુરાનીમહોલ્લો ગલી નંબર–૦૧ અલ્લાનગર દાણીલીમડા) એ તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી તા.૧૭/૦૨/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક મકાનના છતનું પતરૂં તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોનાનો દોરો કિમત રૂપિયા ૪૦,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૮૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૨૭૮/૨૦૨૬**

ઈસનપુરઃ પરાગભાઈ રસિકલાલ પટેલ (ઉ.વ.૫૩) (રહે. સાઈનાથ ફ્લેટ, મંગલેશ્વર મહાદેવ રોડ, ઘોડાસર આવકાર હોલ રોડ, ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૬ કલાક ૦૧/૦૦ થી તા.૨૨/૦૨/૨૦૨૬ કલાક ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંકના કોમન પ્લોટમાંથી પોતાની સફેદ રંગની હ્યુન્ડાઈ કંપનીની ક્રેટા કાર નંબર જીજે ૨૭ ઈએ ૮૧૪૨ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.દામા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૨૭૯/૨૦૨૬**

સરખેજઃ સરખેજ આંબલી ગામ રામેશ્વર પાર્ટી પ્લોટની બાજુમા એપ્રીક્સ નામની નવી બનતી સાઇડ ખાતે લેબર કોલોનીમા રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા ગોવિંદ વિનોદ વરહાત (ઉ.વ.૨૪) (મુળ વતન.વોર્ડ નં–૦૯ સડાર્યા ફળીયુ પોસ્ટ–સંચીયા જી–ડુંગરપુર રાજસ્થાન) તા.૨૩/૦૨/૨૦૨૬ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે એપ્રીક્સ નામની નવી બનતી સાઇડ ખાતે બારમા માળે પાલક ફેરવાનુ કામ કરતા હતા ત્યારે એચ ફ્રેમ તુડી પડતા બારમા માળથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સરખેજ સહયોગ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૮૦/૨૦૨૬**

નિકોલઃ કૌશિક ભરતભાઈ વાઘાણી (ઉ.વ.૨૯) (રહે. વિનાયક પાર્ક ડમરુ સર્કલ પાસે વિરાટનગર રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૨/૨૦૨૬ બપોરના ૦૩/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતમાં લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી